# પ્રથમ લેખિત કસોટી : ઓક્ટોબર - 2013

તારીખ :- 24-10-13 | વિષય:- ગુજરાતી | સમય :- 11-00 થી 14-00

વાર :- ગુરુવાર | ધોરણ - 6 | કુલ ગુણ :- **80**

વિદ્યાર્થીનું નામ :- ..........................................................................બેઠક નંબર ..........................

સુચના :- પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખો.

---

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** **[10]**

(1) 'હિંદમાતાને સંબોધન' કાવ્ય કોને સંબોધીને લખાયું છે?

(અ) ધરતીને (બ) હિન્દમાતાને (ક) હિન્દને (ડ) સૌ સંતાનોને

(2) દુકાનદાર પાસે યુવકે કયા ફોન માટે મંજૂરી માગી ?

(અ) પબ્લિક ફોન (બ) મોબાઈલ ફોન (ક) સેલ્યુલર ફોન (ડ) ગ્રામોફોન

(3) રવિશંકર વ્યાસને 'મહારાજ'નું બિરુદ કોણે આપ્યું ?

(અ) રાજાએ (બ) બ્રાહ્મણોએ (ક) લોકોએ (ડ) બહારવટિયાઓએ

(4) વરસાદ વરસ્યા પછી સીમ કેવી બને છે?

(અ) કંકુવરણી (બ) સોનાવરણી (ક) ઘઉંવરણી (ડ) રક્તવરણી

(5) કહળસંગ ગાડું જોડીને ધંધૂકે શું કરવા ગયા હતા?

(અ) હટાણુ (બ) ફરવા (ક) ગામ જોવા (ડ) ગોળ લેવા

(6) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે?

(અ) ધીરે ધીરે (બ) ઉતાવળે (ક) અંતર ઉજાળીને (ડ) નામ ઉજાળીને

(7) ગામનો જીવતો જાગતો ચોપડો લેખક કોને કહે છે?

(અ) તળાવને (બ) ગોંદરાને (ક) પુસ્તકાલયને (ડ) વડલાને

(8) રાજ્ય પર કયા રાજાએ ચડાઈ કરી?

(અ) બુંદેલખંડના (બ) ઝારખંડના (ક) ઉત્તરાખંડના (ડ) પુષ્યખંડના

(9) 'કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ' આ પંક્તિને શું કહેશો?

(અ) રૂઢિપ્રયોગ (બ) કહેવત (ક) વિચાર વિસ્તાર (ડ) કવિતા

(10) આદિ શંકરાચાર્ય કયા ધર્મના ધર્મગુરૂ છે?

(અ) હિંદુ (બ) શીખ (ક) પારસી (ડ) જૈન



Scanned by CamScanner

**(બ)** **નીચેના વાક્યોમાં યોગ્ય વિરામ ચિહ્નો લખો.** **[4]**

(1) ના શિલ્પીએ જવાબ આપ્યો

(2) આ મહારાજાને તમે નથી ઓળખતા

(3) હરખચંદ શેઠને તેડું મોકલ્યું

(4) અમારે માટે ગોદરું એ ચોકલેટ જેવું છે એને મમળાવવાની મજા આવે છે

**(ક)** **રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે બે)** **[4]**

(1) હેલે ચઢવું (2) ઉચાળા ભરવા (3) જોતરાઈ જવું

**પ્રશ્ન-2** **(અ)** **નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં લખો. (ગમે તે ત્રણ)** **[9]**

(1) જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા તમે શું કરશો?

(2) સ્ત્રીએ ફોન કરનાર યુવકને નોકરીએ રાખવાની શા માટે ના પાડી?

(3) મહારાજ કઈ કઈ આપત્તિ સમયે મદદે દોડી જતા?

(4) મલકને આબાદ કરવા કવિ શું સૂચવે છે?

**(બ)** **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ચાર)** **[8]**

(1) પાઘડીપને કયા બે પ્રદેશ પથરાયેલા છે?

(2) કવિ સ્વાર્થ સામે જોવાની ના કેમ કહે છે?

(3) બેગમે બાદશાહને શા સમાચાર આપ્યા ?

(4) ગામના ગોદરે શું શું આવેલું છે?

**(ક)** **સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે ત્રણ)** **[3]**

(1) દેવભૂમિ (2) નિર્ભય (3) મોસમ (4) વેરાન

**પ્રશ્ન-3** **(અ)** **નીચેના માંથી ગમે તે એક વિષય પર નિબંધ લખો.** **[8]**

(1) મારો પ્રિય તહેવાર (2) મારા ગામનું પાદર (3) વર્ષાઋતુ

**(બ)** **નીચેના શબ્દોની જોડણી સુધારો (ગમે તે બે)** **[2]**

(1) આજુબાજુ (2) મુસ્લીમ (3) અપશૂકનિયાળ

**(ક)** **નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો.** **[4]**

| **'અ'** | **'બ'** |
|---|---|
| (1) દ્વિદલ | (1) ધીરુભાઈ પરીખ |
| (2) રવિશંકર મહારાજ | (2) ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| (3) પગલે પગલે | (3) ડૉ. કિશોરસિંહ સોલંકી |
| (4) પાદર | (4) સંતબાલ |



Scanned by CamScanner

**પ્રશ્ન-4 (અ) મુદ્દાપરથી વાર્તા લખો અને યોગ્ય શીર્ષક આપો.** [6]

એક બાનું ગામ - યુવાનો ભણેલા - વૃદ્ધો વ્યવસાય કુશળ - ગામમાંથી જાન જવી - જાનમાં વૃદ્ધોને ન લઈ જવા - જાનમાં માત્ર યુવાનો જ - કન્યા પક્ષની શરત - જવાબ આપો તો જ કન્યા પધરાવીએ - ગામનું તળાવ ઘીથી ભરી આપો - યુવાનોની ચિંતા - સંતાઈને આવેલા વૃદ્ધનો જવા - પહેલાં તળાવ ખાલી તો કરી આપો - કન્યાપક્ષનું કહેવું જાનમાં એક વૃદ્ધ જરૂર આવ્યા હશે.

અથવા

પત્ર લેખન :- તમારી શાળામાં યોજાયેલ શિક્ષકદિનની ઉજવણીનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

**(બ) નીચેની કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.** [4]

ઓ હિંદ ! દેવ ભૂમિ ! ......................................

............................................................

............................................................

...................................... સંતાન સૌ તમારાં

**(ક) નીચેની દરેક સંજ્ઞાનો પ્રકાર જણાવો.** [4]

(1) દૂધ (2) સભા (3) પ્રેમ (4) કહળસંગ

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમ પ્રમાણે ગોઠવો.** [4]

ક્ષમા, કંકર, અપેક્ષા, ગાંસડી

**(બ) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.** [4]

(1) નદી કિનારા પાસેની બખોલો

(2) મૃત્યુ સમયે લખાતો પત્ર

(3) સવારનો નાસ્તો

(4) ઘરની બાજુની દીવાલ

**(ક) નીચેના શબ્દોનો વાક્ય પ્રયોગ કરો.** [4]

(1) સીમ (2) શિલ્પી (3) રવિશંકર (4) મોસમ

**(ડ) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** [2]

(1) સાવધ (2) દુર્ગમ (3) સ્વાથ

✿ ✿ ✿



Scanned by CamScanner